૨૨ - શ્રી માનસરોવર નાં બેઠકજી

સ્થાન : ભાંડીરવનથી ૬ કિ.મી. દૂર સરોવરનાં કિનારે આવેલ છે. વૃંદાવનથી કાશીઘાટ થઇ, નાવમાં બેસી શ્રી યમુનાજીના સામે કિનારે લોહવન થઇને પણ ત્યાં પહોચાય.

લીલા માહાત્મ્ય:

અહિં ત્રણ દિવસ બિરાજી સપ્તાહ પારાયણ કર્યું. દરરોજની જેમ શ્રીદામોદરદાસને ચરણ સેવા કરતાં આચાર્યશ્રી નહીં દેખાતા વિચારમાં પડ્યા ત્યાં થોડા વખત બાદ મહાપ્રભુજીના પૂર્ણપુરૂષોત્તમ સ્વરૂપે દર્શન થયાં. બીજાં અન્ય સેવકો નિંદ્રાવશ હોવાથી તેમને દર્શન ન થયા. તેના જવાબમાં આપશ્રીએ કહયું કે આજે સ્વામીનીજી પ્રેમાસક્ત થઇ રીસાયા હોવાથી તેમને માનથી મનાવી શ્રીનાથજી પાસે પધરાવી હું પાછો આવું છું.